પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૬૯ | ૧૦ ડિસેમ્બર, ૨૦૧૮, સોમવાર; માગશર સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# સરકાર રામ મંદિર માટે કાયદો ઘડે : ભૈયાજી

**રામમંદિર માટે કાયદો લાવવાની માંગ પર ભાજપ પોતાનો સંકલ્પ પૂરો કરે : કોર્ટ લોકોની લાગણીનું સન્માન કરે : દિલ્હીમાં રામલીલા મેદાનમાં વિહિપ તેમજ સંઘના હજારો કાર્યકરોને જોશીનું સંબોધન : મોદીની સરકાર ઉપર દબાણ : દિલ્હી સહિત દેશભરમાં વિહિપ-સંઘના કાર્યક્રમો**





નવી દિલ્હી, તા. ૯

અયોધ્યામાં રામ મંદિરના નિર્માણને લઈને આજે દેશના જુદા જુદા ભાગોમાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. દિલ્હીમાં વિહિપની રેલી યોજાઈ હતી. રામલીલા મેદાનમાં વિહિપના હજારો કાર્યકર એકત્રિત થયા હતા. દેશના જુદા જુદા ભાગોમાં કાર્યક્રમો મારફતે સંસદના શિયાળુ સત્રથી પહેલા મોદી સરકાર ઉપર રામ મંદિરને લઈને વટહુકમ લાવવા માટે દબાણ લાવવામાં આવી રહ્યું છે. રામલીલા મેદાનમાં કાર્યકરોને સંબોધતા સંઘના સરકાર્યવાહક સુરેશ ભૈયાજી જોશીએ મોદી સરકારને અલ્ટીમેટમ આપતા કહ્યું હતું કે, રામ મંદિરની ભીખ માંગવામાં આવી રહી નથી. સરકારને કાનૂન બનાવવાની જરૂર છે. સંઘના પ્રમુખ નેતા ભૈયાજી જોશીએ પોતાના ભાષણમાં સુપ્રીમ કોર્ટ ઉપર ટિપ્પણી કરતા કહ્યું હતું કે, કોર્ટની પ્રતિષ્ઠા જળવાઈ તે પણ જરૂરી છે. સુપ્રીમ કોર્ટે અયોધ્યા વિવાદ ઉપર સુનાવણી જાન્યુઆરી સુધી ટાળી દીધી છે. ભૈયાજી જોશીએ કહ્યું હતં કે, ન્યાય પાલિકાને લોકોની ભાવનાઓનું સન્માન કરવું જોઈએ. દેશમાં ન્યાય વ્યવસ્થા, ન્યાયપાલિકા પ્રત્યે અવિશ્વાસ જાગે તે બાબત યોગ્ય નથી. આના ઉપર વિચારણા કરવાની જરૂર છે. આ રેલી મુખ્યરીતે વિશ્વ હિન્દુ પરિષદની હતી પરંતુ સંઘે આ બહાને અયોધ્યા વિવાદ પર મોદી સરકારને કઠોર સંદેશો આપવાના પ્રયાસ કર્યા છે. ભૈયાજી જોશીએ કહ્યું હતું કે, સત્તામાં બેઠેલા લોકોએ પણ ઘોષણા કરી છે કે, મંદિર ત્યાં જ બનાવવામાં આવશે. હવે સંકલ્પ પૂર્ણ કરવાનો સમય આવી ગયો છે. કોઈપણ ખચકાટ વગર આને પૂર્ણ કરવાનો સમય આવી ગયો છે. સંઘસરકાર્યવાહકે કઠોર શબ્દોમાં કહ્યું હતું કે, સત્તામાં બેઠેલા લોકોએ

● અનુસંધાન પાન-૭ પર

## ચાર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ધરાવતું દેશનું પ્રથમ રાજ્ય બન્યું કેરળ

તિરુવનંતપુરમ્,તા.૯

કેન્દ્રીય મંત્રી સુરેશ પ્રભુ અને કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને આજે કન્નુર આંતરરાષ્ટ્રીય એરપોર્ટનું ઉદ્ઘાટન કર્યું. તેની સાથેજ કેરળ દેશનું પ્રથમ એવું રાજ્ય બની ગયું છે જ્યાં ચાર આતંરરાષ્ટ્રીય એરપોર્ટ છે. આ સિવાય ત્રણ અન્ય એરપોર્ટ તિરુવનંતપુરમ,કોચ્ચિ અને કોઝિકોડમાં છે.

કન્નુર એરપોર્ટ ૨,૦૦૦ એકરમાં ફેલાયેલું છે અને ૧,૮૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યું છે. અહીં એકસાથે બે હજાર યાત્રીઓને હેન્ડલ કરી શકાય એટલું વિશાળ એરપોર્ટ બનાવવામાં આવ્યું છે. વર્ષે ૧.૫ મિલિયન આંતરરાષ્ટ્રીય પ્રાવસીઓ યાત્રા કરી શકશે. એરપોર્ટ રનવેની લંબાઈ ૩,૦૫૦ મીટર છે જેને વધારીને ૪,૦૦૦ મીટર સુધી વધારી શકાય છે.

એરપોર્ટ પર એરોપ્લેન્સનું સંચાલન શરૂ કરી દેવામાં આવ્યું છે. અહીં અબુ ધાબી માટે પ્રથમ કોમર્શિયલ ઈન્ટરનેશનલ ફ્લાઈટે ઉડાન ભરી હતી. એરપોર્ટને હૈદરાબાદ, બેંગલુરુ અને મુંબઈ ફ્લાઈટ સાથે જોડવામાં આવશે.

## આજે વિજય માલ્યાને લંડનમાં કોર્ટમાં રજૂ કરાશે

**વિજય માલ્યાના પ્રત્યાર્પણ અંગે ટૂંકમાં ચુકાદો જાહેર : પ્રત્યાર્પણ વોરંટ બાદથી વિજય માલ્યા જામીન પર જ છે : ૧૦૦ ટકા રકમ ચુકવવાની તૈયારી દર્શાવ્યા બાદ ચર્ચાઓ : વિજય માલ્યાની ઘરવાપસી ટૂંકમાં : ઈડી-સીબીઆઈની ટીમ યુકે રવાના**

નવીદિલ્હી, તા. ૯

સંકટમાં ફસાયેલા શરાબ કારોબારી વિજય માલ્યાનો સોમવારના દિવસે એટલે કે આવતીકાલે લંડનની વેસ્ટમિનિસ્ટર કોર્ટમાં રજૂ કરવામાં આવનાર છે. માલ્યાના પ્રત્યાર્પણના મામલામાં હવે વહેલી તકે ચુકાદો આવી શકે છે. કિંગ ફિશર એરલાઈન્સના પ્રમુખ રહી ચુકેલા ૬૨ વર્ષીય વિજય માલ્યા પર ૯૦૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડીનો આક્ષેપ છે. આ કૌભાંડ બાદ વિજય માલ્યા ભારત છોડીને ફરાર થઈ ગયા હતા અને હાલમાં બ્રિટનમાં છે. ગયા વર્ષે એપ્રિલ મહિના બાદથી પ્રત્યાર્પણ વોરંટ જારી કરાયા બાદથી વિજય માલ્યા જામીન ઉપર છે. માલ્યા પોતાની સામે રહેલા મામલાને રાજકીય પ્રેરિત ગણાવી રહ્યા છે. જો કે, માલ્યાએ ટ્વિટ કરીને કહ્યું છે કે, તેઓએ કોઈપણ લોન લીધી નથી. આ લોન કિંગ ફિશર એરલાઈન્સે લીધી છે. કારોબારી નિષ્ફળતાના કારણે પૈસા ડુબી ગયા છે.

● અનુસંધાન પાન-૭ પર



## ન્યુઝ ટ્રેક

### આતંકવાદી રિયાઝ અહેમદ ઝડપાયો

જમ્મુ-કાશ્મીર પોલીસને મોટી સફળતા પ્રાપ્ત થઈ છે. કિશ્તવાડ પોલીસે ભાગેડુ આતંકવાદી રિયાઝ અહેમદને ઝડપી લીધો છે. પોલીસે તેની સાથે જ એક આઈએસઆઈ એજન્ટની પણ ધરપકડ કરી છે.

### પશ્ચિમ બંગાળ રથયાત્રા માટે કોર્ટમાં અરજી

પશ્ચિમ બંગાળમાં ભાજપ દ્વારા રથયાત્રા યોજવાના મુદ્દે સુપ્રિમ કોર્ટમાં કેવિએટ દાખલ કરવામાં આવી છે. ભાજપનો પક્ષ સુપ્રિમ કોર્ટ સાંભળે તે માટે આ કેવિએટ દાખલ કરવામાં આવી છે.

### ઈટાલીમાં કોન્સર્ટ દરમ્યાન ભાગદોડ

ઈટાલીના સંકોના શહેરમાં એક ક્લબમાં મ્યુઝિક કોન્સર્ટ ચાલી રહી હતી ત્યારે ભાગદોડ થઈ હતી. આ ભાગદોડમાં ૬ લોકોના મૃત્યુ નિપજ્યા છે અને ૫૯ લોકો ઘાયલ થયા છે.

### મેક્સિકોની સુંદરી બની મિસ વર્લ્ડ

મેક્સિકોની વેનેસા પોન્સ ડિલિયોને ૧૧૮ સુંદરીઓને પાછળ મુકી મિસ વર્લ્ડ ૨૦૧૮નું ટાઈટલ જીતી લીધુ છે. પૂર્વ મિસ વર્લ્ડ માનુષી છિલ્લરે વેનેસાને તાજ પહેરાવ્યો હતો.

### સોનિયા ગાંધીને વડાપ્રધાને પાઠવી શુભેચ્છા

આજે કોંગ્રેસના ભૂતપૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ સોનિયા ગાંધીનો ૭૨મો જન્મદિવસ છે. તેમના દિલ્હી ખાતેના નિવાસસ્થાન દશ જનપથની બહાર કોંગ્રેસના કાર્યકર્તાઓ સોનિયા ગાંધીને જન્મદિવસની શુભેચ્છા આપવા માટે પહોંચ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ જન્મદિન નિમિત્તે શુભેચ્છા પાઠવી હતી.

### બાંગ્લાદેશમાં ખાલિદા જિયાને ચૂંટણી લડવા પર રોક

બાંગ્લાદેશના બે વખત પ્રધાનમંત્રી રહી ચૂકેલા ખાલિદા જિયા, જે ભ્રષ્ટાચારના કેસમાં ગત ફેબ્રુઆરી મહિનાથી જેલમાં બંધ છે.

## વેચાણ સમય કાર્ય સમાપ્ત પ્રમાણપત્ર પ્રાપ્ત સંપત્તિઓ પર જીએસટી નહિ લાગે

ન્યુ દિલ્હી,તા.૯

નાણા મંત્રાલયે કહ્યું કે જે રીયલ એસ્ટેટ સંપત્તિ માટે વેચાણ સમય કાર્ય સમાપ્તનું પ્રમાણપત્ર મળી ચૂક્યું હશે, તેમના ખરીદારોને ગૂડ્ઝ અને સર્વિસિસ ટેક્સ (જીએસટી) આપવાનો રહેશે નહીં. મંત્રાલયે કહ્યું કે જે વેચાણના સમય કાર્ય સમાપ્ત પ્રમાણ પત્ર પ્રાપ્ત સંપત્તિઓ પર જીએસ્ટી લગાવવામાં આવશે નહીં, પરંતુ બાંધકામ હેઠળ અસ્કયામતો અથવા આવી તૈયાર મિલકતો માટે જેના માટે કાર્ય સમાપ્ત પ્રમાણપત્ર પ્રાપ્ત થયું નથી, તેમના વેચાણ પર જીએસ્ટી આપવો પડશે.

નાણા મંત્રાલયે બિલ્ડરોને જીએસટીના નુકસાન દરને ખરીદનારાઓને લાભ આપવા માટે મિલકતના ખર્ચમાં ઘટાડો કરવા જણાવ્યું છે. નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે, તૈયાર સંપત્તિના ખરીદારને સૂચનામાં આ વાત લાવવામાં આવી રહી છે કે સક્ષમ સત્તાથી કામ પૂરૂ હોવાનું પ્રમાણપત્ર પ્રાપ્ત કરી કરેલા મકાનો, ઈમારતો અને તૈયાર ફ્લેટ્સના વેચાણ પર કોઈપણ પ્રકારનો જીસએટી આપવાનો રહેશે નહીં.

મંત્રાલયે કહ્યું છે કે જવાહરલાલ નહેરુ રાષ્ટ્રીય નવીનીકરણ યોજના, રાજીવ આવાસ યોજાના, પ્રદાનમંત્રી આવાસ યોજના તથા રાજ્ય સરકારની અન્ય આવી સસ્તી આવાસ યોજનાઓ પર ૮ ટકાના દરથી જીએસટી લાગુ થશે. આ જીએસટીને બિલ્ડર તેમના સંચિત ઈનપુટ ટેક્સ ક્રેડિટમાં સમાવી શકે છે.

મંત્રાલયની રજૂઆતમાં એવું કહેવામાં આવ્યું છે કે આ પ્રકારના સસ્તી આવાસ યોજના મામલે ઈનપુટ ટેક્સ ક્રેડિટની ગોઠવણ કર્યા બાદ બિલ્ડર અથવા ડેવલપરને મોટા ભાગનાં કેસોમાં જીએસટીનું કેસ ચુકવણી કરવાની આવશ્યકતા રહેશ નહીં. આ કિસ્સાઓમાં બિલ્ડરના ખાતામાં પહેલાથી જ ઈનપુટ ટેક્સ ક્રેડિટ એકત્રિત કરશે, જેનાથી તે જીએસટી માટે ગોઠવણ કરી શકે છે.

## કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલેને યુવકે જાહેરમાં જ થપ્પડ ઝીંકી દીધી

**આઠવલેના સમર્થકોએ થપ્પડ મારનાર યુવકને પકડી ઢોર માર માર્યો**

મુંબઈ,તા.૯

કેન્દ્રીય મંત્રી અને RPIના અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલેને એક યુવકે થપ્પડ મારી દીધી હતી. રામદાસ આઠવલે તેમની રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયાના એક કાર્યક્રમમાં શામેલ પહોંચ્યાં હતાં, જ્યાં આ ઘટના ઘટી હતી. ઘટના બાદ વિસ્તારમાં તણાવપૂર્ણ માહોલ સર્જાયો હતો.



આ ઘટના પોલીસની હાજરીમાં થાણેના અંબરનાથમાં બની છે. થપ્પડ મારવાવાળા યુવકનું નામ પ્રવિણ ગૌસ્વામી છે ઘટના બાદ આઠવલેના સમર્થકોએ યુવકને પકડી લીધો હતો અને તેની ધોલાઈ કરી હતી.

કેન્દ્રીય સામાજીક ન્યાય અને અધિકારીતા રાજ્યમંત્રી રામદાસ આઠવલે અંબરનાથ વેસ્ટમાં આવેલા નેતાજી ચોકમાં પાર્ટીની એક રેલીને સંબોધિત કરવા પહોંચ્યાં હતાં. ભાષણ આપ્યા બાદ આઠવલે સ્ટેજ પરથી નીચે ઉતરી રહ્યાં હતાં. તે દરમિયાન જ એક યુવકે તેમને ગાલ ઉપર થપ્પડ મારી દીધી હતી. થપ્પડ મારીને યુવક ભાગવા જતો હતો ત્યારે તેમના સમર્થકોએ તેને પકડી લીધો હતો અને તેની ધોલાઈ કરી હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

પોલીસના જણાવ્યા પ્રમાણે આરોપી પ્રવીણ ગોસ્વામીને અટકાયતમાં લેવામાં આવ્યો છે. જોકે હજી સુધી એ જાણી શકાયું નથી કે યુવકે કેન્દ્રીય મંત્રી પર હુમલો કેમ કર્યો. જ્યાં આ ઘટના ઘટી તે આરપીઆઈનો ગઢ માનવામાં આવે છે. માટે કોઈ અઘટીત ઘટના ના ઘટે તે માટે અહીં પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

## ભાજપે કરેલી રેલી બાદ તૃણમુલ કોંગ્રેસે ગંગાજળ છાંટી સ્થળનું શુધ્ધિકરણ કર્યુ



કોલકાત્તા,તા.૯

પશ્ચિમ બંગાળમાં ભાજપ અને તૃણમૂલ કોંગ્રેસ સતત એવા કામ કરી રહી છે કે જેનાથી એકબીજાને નીચાપણું બતાવી શકે. આ વખતે તૃણમૂલ કોંગ્રેસના કાર્યકર્તાઓએ કૂચ બિહારના જે મેદાનમાં ભાજપની સભા થઈ હતી તે મેદાનનું ગંગાજળ અને ગૌમૂત્રથી શુદ્ધિકરણ કર્યું છે. સત્તાધારી ટીએમસીનું કહેવું છે કે ભાજપ પશ્ચિમ બંગાળમાં સાંપ્રદાયિકતા ફેલાવી રહ્યો છે. કૂચ બિહારના આ મેદાનમાં રેલી કરીને ભાજપે નફરત ફેલાવવાની શરૂઆત કરી છે. આથી આ જગ્યાનું ગંગાજળ અને ગૌમૂત્રથી શુદ્ધિકરણ કરવામાં આવ્યું છે. શનિવારે આ જગ્યા પર ભાજપે મોટી જનસભા આયોજિત કરી હતી.

ટીએમસીના નેતા પંકજ ઘોષે કહ્યું કે કૂચ બિહાર ભગવાન મદનમોહનની ભૂમિ છે. અહીંથી ભાજપે સાંપ્રદાયિકતા ફેલાવવાની કોશિશ કરી છે આથી હિન્દુ પરંપરાઓ મુજબ અમે આ જગ્યાને શુદ્ધ કરી છે. અત્રે જણાવવાનું કે ભાજપ પશ્ચિમ બંગાળમાં લોકતંત્ર બચાવો નામની રથયાત્રા કાઢવા માંગે છે. પરંતુ મમતા બેનરજીની સરકારે તેમને આ મંજૂરી આપવાની ના પાડી દીધી. આ ઉપરાંત કોલકતા હાઈકોર્ટે પણ આ રથયાત્રા કાઢવા પર હાલ પ્રતિબંધ મૂક્યો છે. કોર્ટે આ મામલે સુનાવણીની આગામી તારીખ ૧૪ ડિસેમ્બર રાખી છે.

પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ જયપ્રકાશ મજમુદાર અને વરિષ્ઠ પાર્ટી નેતા મુકુલ રોયના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળે રાજ્ય સચિવાલયમાં થોડીવાર રાહ જોવી પડી પછી ત્યારબાદ અધિકારીએ આવીને તેમના પત્ર લીધા.

## શિવપાલ યાદવની રેલીમાં મુલાયમ પણ હાજર રહ્યા

લખનૌ, તા. ૯

સમાજવાદી પાર્ટીથી અલગ થઈને પ્રગતિશીલ સમાજવાદી પાર્ટી (લોહીયા) બનાવનાર દિગ્ગજ નેતા શિવપાલ યાદવે આજે ઉત્તરપ્રદેશના પાટનગર લખનૌના રમાબાઈ આંબેડકર મેદાનમાં જનાક્રોશ રેલીનું આયોજન કર્યું હતું અને પોતાની તાકાતનું શક્તિ પ્રદર્શન કર્યું હતું. શિવપાલની પાર્ટી તરફથી આયોજિત આ પ્રથમ રેલી હતી. સપાના સંયોજક મુલાયમસિંહ યાદવ પણ રેલીમાં ભાગ લેવા પહોંચ્યા હતા. એટલું જ નહીં મુલાયમસિંહ યાદવની નાની પુત્રવધુ અર્પણા પણ મંચ ઉપર નજરે પડી હતી. તેઓએ જાહેરાત કરી હતી કે, શિવપાલ યાદવની સાથે ઉભા છે. અર્પણાની આ જાહેરાતને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. શિવપાલે સંકેતમાં સપાના વડા અખિલેશ યાદવ ઉપર પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, નેતાજી અહીં બેઠા છે. ૪૦ વર્ષ તેમની સાથે કામ કર્યું છે. અમે તો નેતાજીની સાથે સમાજવાદી પાર્ટીમાં જ રહેવા ઈચ્છુક હતા.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

Dinner
with
Live Singing
by Sagar Desai & Group
On every Monday
@
NEO POLITAN PIZZA
ITALIAN PIZZERIA
We Make Fresh You Eat Fresh
104, Super Mall-2, Infocity,
Gandhinagar. (M) 95740 00422